અન્યાયથી મેળવેલા ધનથી જે વ્યક્તિ પોતાના હિતને ઇચ્છે છે.. તે ઝેર ખાઇને જીવવાની આશા રાખનારા જેવો મૂઢ છે
- ન્યાયસૂત્ર

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૩૬ | ૯ નવેમ્બર, ૨૦૧૪, રવિવાર ; કારતક વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

જીલ્લા પંચાયતની ૨૮મીએ સામાન્ય સભા

પંચાયતની આ બેઠકમાં ખાલી જગ્યાઓથી વિપરીત અસરોનો મુદ્દો ઉછાળી વિપક્ષ-સત્તાધારીઓને ભીંસમાં લેશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લા પંચાયતની આગામી સામાન્ય સભા ૨૮મીએ બપોરે ૩.૦૦ કલાકે જિલ્લા પંચાયતના સરદાર હોલમાં મળશે.

જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલના અધ્યક્ષપદે મળનાર બેઠકમાં સમિતિઓની થયેલ કામગીરીના અહેવાલોને બહાલી અપાશે. ગાંધીનગર જિલ્લા પંચાયત કોંગ્રેસમાં બળવા પછી આ બીજી બેઠક મળી રહી છે. આ બેઠકમાં કોંગ્રેસ પક્ષે ગુમાવેલી સમિતિઓની સત્તાને બહાલી આપવામાં આવશે. આ ઉપરાંત આગામી દિવસોમાં આવી રહેલા મહત્વના કાર્યક્રમો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવશે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ સામાન્ય સભાને આમ તો રૂટીન બેઠક લેખાવવામાં આવી રહી છે. કોઈ ખાસ ઉત્સાહ કે ઉત્તેજના પંચાયતી વર્તુળોમાં જોવા મળતી નથી.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં સભ્યોને વિસ્તાર વિકાસ ગ્રાન્ટ અન્વયે વિકાસના કામોને વર્ક ઓર્ડર નહિ અપાયા હોવાનો મુદ્દો રાજકીય ગરમી પકડે તેવી સંભાવનાઓ છે. આ ઉપરાંત પંચાયતમાં ખાલી જગ્યાઓને કારણે વહીવટીતંત્રમાં ઉભી થયેલી વિપરીત અસરોનો મુદ્દો કોંગ્રેસ દ્વારા ઉછાળવામાં આવે તેવી શક્યતાઓ છે.

જિલ્લા પંચાયત દ્વારા જિલ્લામાં હાથ ધરાયેલ સ્વચ્છતા અભિયાનને લઈ પણ આ બેઠકમાં ચર્ચાઓ થાય તેવી શક્યતાઓ છે.

પંચાયતની મળનારી સામાન્ય સભાને અધિકારીઓની બેઠકોનો સિલસિલો પણ આરંભાઈ ચુક્યો છે. બન્ને પક્ષોએ હજુ સામાન્ય સભાને લઈ કેવી વ્યુહરચના અપનાવી તે માટે કોઈ રણનીતિ નક્કી કરી નથી.

જો કે આગામી દિવસોમાં કારોબારી અને શિક્ષણ સમિતિ પર કબ્જો મેળવવા સત્તાધારી ભાજપ શું વ્યુહરચના અપનાવે છે તેના સંકેતો કદાચ આ બેઠક બાદ મળે તેમ મનાઈ રહ્યું છે.

શહેરમાં ઠંડીનો ચમકારો

એક જ દિવસમાં તાપમાન બે ડિગ્રી જેટલું ગગડયું

રાત્રે ઠંડી વધતા માર્ગો સુમસામ બને છે

ગાંધીનગર, તા.૮

પવનની દિશા બદલાતા છેલ્લા બે દિવસોથી ધીમેધીમે ઠંડીમાં વધારો

થઈ રહ્યો છે. મહત્તમ તાપમાનમાં હજુ મોટો ફેરફાર જોવા મળ્યો નથી પરંતુ લઘુત્તમ તાપમાન એક જ દિવસમાં બે ડિગ્રી જેટલું ગગડયું છે.

શિયાળો ધીમા પગલે જામી રહ્યો છે. દિવસ દરમિયાન હજુ ગરમી અનુભવાય છે પરંતુ રાત્રે ઠંડકનો અનુભવ સૌ કોઈને થઈ રહ્યો છે. ઉત્તર-પશ્ચિમ દિશામાંથી ફુંકાતા પવનોના કારણે ગાંધીનગર સહિત ગુજરાતના તમામ શહેરોનું તાપમાન ગગડયું છે. છેલ્લા ઘણા દિવસોથી તાપમાન લગભગ સ્થિર જોવા મળ્યું હતું. મહત્તમ તાપમાન ૩૩ થી ૩૫ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૮-૧૯ ડિગ્રીની નજીક રહ્યું હતું.

છેલ્લા એકાદ-બે દિવસથી પવનની દિશા બદલાતા ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. દિવસ વહેલો આથમી જાય છે અને અંધારાના ઓળા છ-સાડા છ વાગતા જ ઉતરી આવે છે. સૂર્યાસ્ત વહેલો થતાં દિવસ ટુંકો અને રાત લાંબી થતી જાયછે. રાત લાંબી થતા અને વાતાવરણમાં ઠંડકનું પ્રમાણ વધતા ગાંધીનગરમાં માર્ગો સુમસામ બની જાય છે. આગામી દિવસોમાં ઠંડી વધશે ત્યારે તેની જનજીવન પર સ્પષ્ટ અસર જોવા મળશે. શનિવારે મહત્તમ તાપમાન ૩૩.૫ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન બે ડગ્રી જેટલું ઘટીને ૧૬.૫ ડિ.સે. નોંધાયું હતું જયારે ભેજનું પ્રમાણ સવારે ૬૩ ટકા અને સાંજે ૩૯ ટકા નોંધાયું હતું.

આજે ભાજપ વિધાનસભા બેઠક

ગાંધીનગર, તા. ૮

ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષોના ધારાસભ્યોની આવતીકાલે જુદા જુદા સ્થળોએ મળનારી બેઠકમાં એક બીજાની રણનીતિને ખાળવા માટેની વ્યૂહરચના ઘડી કાઢવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ગુજરાત વિધાનસભાનું બે દિવસનું શિયાળુ સત્ર સોમવારે ૧૦મીથી મળનાર છે. ત્યારે આ બે દિવસના સત્ર દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા હાથ પર લેવાનારી કામગીરીની ચર્ચામાં ભાગ લેવા માટેનું માર્ગદર્શન આપવા તેમજ વિપક્ષની રણનીતિને ખાળવા માટેની વ્યૂહરચના ઘડી કાઢવા આવતીકાલે ભાજપના ધારાસભ્યોની બેઠક મળશે.

પ્રાપ્ત વિગતો મુજબ આવતીકાલે કોબા ખાતે પ્રદેશ ભાજપ અધ્યક્ષની અધ્યક્ષતામાં અને મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં ભાજપના ધારાસભ્યોની એક બેઠક મળનાર છે.

LEGAL BPO REQUIRED
100 Candidates (M/F) for USA - Gandhinagar
100 Candidates (M/F) for UK - Ahmedabad
Aggressive & Enthusiastic Candidates for UK and USA Legal BPO Process
Eligibility:
- Having Verbal English Communication Skill
- Fresher/Experienced Can Apply (Male/Female)
- Having enthusiasm & Able to Accept challenges

Benefits :
- Flexible Shift Time for USA and UK both (Candidates can design their own shift time)
- Candidate can design their own Payout(revenue) target as per their experience and capability
- Full time / Part Time Available
- Experienced BPO Candidates can Apply for Full/Part time for higher payout & Extra Revenue

Solution BPO Services
301, Sarthak-II, Nr. Liberty Show room, Swastik Cross road, C G Road, Ahmedabad (Interview Time:4pm Onwards Monday to Friday)
14, G.E., Info Tower-1, Infocity, Gandhinagar Interview Time: 7pm Onwards Monday to Friday
M: 9913826165/ Ph:079-26406181
We have Legal BPO Processes for Outsource also for outsourcing - 9558816181